વિતેલા વર્ષમાંથી પ્રેરણાત્મક ઘટનાઓ ગ્રહક કરીએ અને ભૂલવા જેવું હોય તે ભૂલી જઈએ... જાગ્યા ત્યારથી સવાર

વિનાશક ઘટનાક્રમો અને વિકાસની નવી ક્ષિતિજોના આશાવાદ સાથે પડકારભર્યું વિત્યુ ૨૦૨૫નું વર્ષ

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઓપરેશન સિંદૂર, રશિયા-યુક્રેન યુદ્ધ, અમેરિકાનો ઈરાન પર હુમલો, ઈઝરાયેલ-હમાસ યુદ્ધ, પાકિસ્તાન-અફઘાનિસ્તાન યુદ્ધ સહિતના નાના-મોટા યુદ્ધો તથા ટ્રમ્પ ટેરિફના કારણે દુનિયામાં ઉથલપાથલ મચતી રહી: બાંગલાદેશના પૂર્વ પી.એમ. ખાલિદા ઝીયાના નિધન પછી ત્યાંના રાજકીય સમીકરણો બદલાયા છે

વિતેલું કેલેન્ડર વર્ષ દેશ અને દુનિયાને હચમચાવી નાખતા અનેક ઘટનાક્રમોનું સાક્ષી રહ્યું. આર્થિક, વ્યાપારિક અને રાજકીય ક્ષેત્રો ઉપરાંત કુદરતી આફતો, ટ્રમ્પ ટેરિફ, યુદ્ધો, કૌભાંડો, અશાંતિ તથા ચૂંટણીઓમાં ચોંકાનાવારા ઘટનાક્રમોના કારણે વર્ષ ૨૦૨૫ ઘણું જ તંગદિલી વચ્ચે વિત્યું, તો બીજી તરફ પ્રદૂષણ, ગૃહયુદ્ધો, જેન-ઝેડ આંદોલનો તથા કેટલાક દેશોમાં થયેલા વિદ્રોહોએ આખી દુનિયાને ડોલાવી દીધી, જો કે ઈસરો અને નાસાની ઉપલબ્ધિઓ, મેગા વિકાસ પ્રોજેક્ટો, સ્પેસ સ્ટેશનોમાં થયેલા અંતરિક્ષયાત્રીઓની વાપસી, ડિજિટલ ક્રાંતિ, લોકલક્ષી કાયદાઓની અમલવારી, રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા, વંદેમાતરમ્ પર ચર્ચા જેવા પોઝિટિવ અને પ્રેરણાત્મક ઘટનાક્રમો પણ સર્જાયા.

કેન્દ્ર સરકારે મનરેગાનું નામ બદલીને વીબી-જી-રામ-જી કરી દીધું, તેની સામે કૉંગ્રેસે દેશવ્યાપી આંદોલન છેડ્યું છે, તો રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. બિહારમાં એનડીએના ઝળહળતા વિજય પછી દેશમાં રાજકીય સમીકરણો બદલી રહ્યા છે, તો ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ જોર વધાર્યું છે.

પહલગામ-ઓપરેશન સિંદૂર

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ધર્મ પૂછીને આતંકવાદીઓએ નિર્દોષ પર્યટકોની હત્યા કર્યા પછી ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકી અડ્ડાઓ ખતમ કર્યા અને ટૂંકા યુદ્ધમાં પાકિસ્તાનને બરાબરનું પછાડ્યું. પાકિસ્તાનની સેનાએ વિનંતી કરતા યુદ્ધવિરામ થયો, પરંતુ આ યુદ્ધ પોતે અટકાવ્યું હોવાના અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર દાવા કર્યા, જો કે ભારતે ટ્રમ્પના દાવા નકારી કાઢ્યા. હવે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અને સીડીએસ પોતાના ગાલે તમાચો મારીને ગાલ લાલ રાખી રહ્યા છે.

ટ્રમ્પ ટેરિફનો આતંક

દુનિયાભરમાં ટ્રમ્પ ટેરિફે આતંક વર્તાવ્યો, તો રશિયા પાસેથી ભારત ક્રૂડ ખરીદતું હોવાથી ટ્રમ્પે ભારત પર ૫૦૦% ટેરિફ લાદ્યા પછી ભારત અને અમેરિકા વચ્ચે ખટાશ વધી છે, તો પાકિસ્તાન અમેરિકાના ખોળે બેઠું છે.

બાંગલાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર

બાંગલાદેશમાં જેન ઝેડ આંદોલન પછી ત્યાંના વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડવો પડ્યો અને ભારતે તેણીને રાજ્યાશ્રય આપ્યો છે, તો બીજી તરફ ત્યાં પણ આંતરિક વિવાદો વધ્યા છે. બાંગલાદેશમાં વચગાળાની સરકારના શાસન હેઠળ ચાલતી સરકાર નિષ્ફળ ગઈ છે. બાંગલાદેશમાં હિન્દુઓની હત્યાઓ થઈ રહી છે તથા ખુલ્લેઆમ અત્યાચારો થઈ રહ્યા છે, જેની સામે ભારતમાં ભારે વિરોધ ઊઠ્યો છે. બાંગલાદેશમાં ફેબ્રુઆરી-૨૦૨૬ માં ચૂંટણી યોજાવાની છે, તેમાં પૂર્વ પી.એમ. મરહુમ ખાલિદા ઝીયાના પુત્ર તારીકની તાજપોષી થશે, તેવી અટકળો છે. ટૂંકમાં ભારતની બન્ને તરફ અત્યારે વર્ષ ૧૯૭૧ પહેલા હતી તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

કુદરતી આફતો

વર્ષ ૨૦૨૫ માં ભયંકર કુદરતી આફતોએ દેશ અને દુનિયામાં તબાહી મચાવી. ગુજરાત સહિત દેશમાં ચોમાસું લાંબુ ચાલ્યુ અને માવઠાઓએ મુસીબત વધારી. ભૂકંપ, લેન્ડ સ્લાઈડ અને આકાશી વિમાન પડવાથી ઘણાં લોકોના જીવ ગયા. વાવાઝોડાઓએ વિનાશ વેર્યો. આ વર્ષ કુદરતી આફતો તથા હિંસા, યુદ્ધો અને અથડામણોની દૃષ્ટિએ જ્વલંત રહ્યું.

અદાલતોના ફૈસલા

વર્ષ ૨૦૨૫ માં હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટે એવા અનેક સિમાચિન્હરૂપ ચુકાદાઓ આપ્યા, જેની દૂરગામી અસરો રહેવાની છે.

મહાકુંભ

વર્ષ ૨૦૨૫ ના પ્રારંભે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ગંગા, યમુના, સરસ્વતીના સંગમ સ્થળે ૧૪૪ મો મહાકુંભ યોજાયો, જેમાં છેક મહિનામાં ૬૬ કરોડથી વધુ લોકોએ મહાસ્નાન કર્યું.

મેગા આયોજનો

વર્ષ ૨૦૨૫ નું વર્ષ મેગા આયોજનો તથા વિકાસકામોના ખાતમુહૂર્ત-ઉદ્ઘાટનોનું વર્ષ રહ્યું. જામનગરને વિક્ટોરિયા પુલથી સાત રસ્તા થઈને હાઈ-વેને જોડતો ફ્લાય ઓવર બ્રિજ મળ્યો. રાજ્યમાં પણ મોટા મોટા વિકાસ પ્રોજેક્ટોના આયોજનો થયા, તે દેશભરમાં મેગા વિકાસ પ્રોજેક્ટો આકાર પામ્યા. જામનગર નજીક 'વનતારા'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન થયું અને આખું વર્ષ ત્યાં દેશ અને દુનિયાના મહાનુભાવો, સેલેબ્રિટીઝ અને ઉચ્ચ અધિકારીઓ તથા નેતાઓનું આગમન થતું રહ્યું. દ્વારકા સુદર્શન બ્રિજની જેમ પંચકૂઈને જોડતા ગોમતી નદી પરના ઝુલતા પુલનું સુદામા બ્રિજના વિકલ્પે નવનિર્માણ થશે તેવી જાહેરાત થઈ.

કૌભાંડો

જામનગરમાં પણ અમદાવાદના ખ્યાતિ કૌભાંડ જેવું જ હેલ્થ સેક્ટરનું ષડયંત્ર ઝડપાતા હાહકાર મચી ગયો. રાજ્યમાં મનરેગાના કૌભાંડો ગૂંજતા રહ્યા, તો સાયબર ફ્રોડના તથા ડિજિટલ એરેસ્ટની ઘટનાઓએ આખા દેશમાં ગભરાટ ફેલાવ્યો. કેટલીક કેન્દ્રિય યોજનાઓમાં વ્યાપક ભ્રષ્ટાચારે પણ દેશવાસીઓમાં ચિંતા જગાવી.

ખેલજગત

ભારતીય મહિલા ટીમે વિશ્વકપ જીત્યો તો ક્રિકેટમાં કેટલીક તેણીઓ તથા વન-ડે વર્લ્ડકપમાં ભારતીય ટીમની પ્રશંસા થઈ. એથ્લેટિક્સ, દિવ્યાંગોની સ્પર્ધાઓ, કબડ્ડી, હોકી, ચેસ સહિતની આંતરરાષ્ટ્રીય રમતોમાં ભારતીય ટીમોએ એકંદરે સારો દેખાવ કર્યો.

નિધન

નગરથી નેશન સુધી કેટલાક લબ્ધ પ્રતિષ્ઠિત લોકોએ વિદાઈ લઈ લીધી. અભિનેતા મનોજકુમાર, અસરાની, ધર્મેન્દ્ર, ઉસ્તાદ ઝાકીર હુશેન, પૂર્વ પી.એમ. મનમોહનસિંહ, ઉદ્યોગપતિ શશિકાન્ત રૂઈયા, નેતા વિજય મલ્હોત્રા વગેરેના નિધનથી દેશભરમાં શોક છવાયો, પ્લેન એક્સિડેન્ટમાં પૂર્વ સી.એમ. વિજયભાઈ રૂપાણીનું નિધન થયું તે ઉપરાંત જુલીન ગર્ગ, સતિશ શાહ, સુલક્ષણા પંડિત, અને વર્ષાંતે બાંગલાદેશના ખાલિદા ઝિયાનું નિધન થયું છે.

આતંકવાદીઓ તેમજ નકસલીઓ પર પ્રહાર

એક તરફ નકસલવાદને ખતમ કરવાના લક્ષ્ય સાથે પોલીસતંત્રો તથા સુરક્ષાદળોએ કરેલા પ્રહારોમાં મહત્તમ નકસલીઓ ઠાર થયા, તો ઘણાં શરણે આવ્યા, બીજી તરફ ઓપરેશન સિંદૂર પછી પણ જુદા જુદા ઓપરેશનો ચલાવીને ભારતીય સુરક્ષાદળોએ સંખ્યાબંધ આતંકવાદીઓને ઠાર કર્યા. જો કે, દિલ્હીમાં લાલ દરવાજા પાસે થયેલા આત્મઘાતી વિસ્ફોટમાં કેટલાક નિર્દોષ લોકોના જીવ ગયા, અને તે પછી ભારતીય સુરક્ષાદળોએ આતંકવાદી કાવતરામાં સામેલ કેટલાક લોકોને દબોચી લીધા. આ ઘટનાએ દેશ-દુનિયામાં અરેરાટી પ્રસરાવી તો વિપક્ષોએ આતંકવાદના મુદ્દે સરકારની પડખે ઊભા રહેવાના નિવેદનો સાથે કેટલાક પ્રશ્નો પણ ઉઠાવ્યા.

એસ.આઈ.આર.નો મુદ્દો

આઝાદી પછી સમયાંતરે થતી રહેલી વિશેષ મતદારયાદી સુધારણા સઘન ઝુંબેશ (એસ.આઈ.આર.) પછી બિહારમાં ચૂંટણી થઈ, તે પછી ગુજરાત સહિતના ૧૨ રાજ્યમાં એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે અને તેમાં એકંદરે કરોડો મતદારોના નામો રદ્દ કરાતા હોબાળો મચ્યો છે. જો કે, ચૂંટણીપંચની આ પ્રક્રિયા એક સવૈધાનિક કામગીરી છે, અને જે નામો કપાયા છે તે મૃતકો, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા, વિદેશી ઘુસણખોરો અથવા બે કે તેથી વધુ જગ્યાએ નામ હોય તેવા લોકોના (એક જ સ્થળે નામ રહેવા દઈને)નામ કપાયા હોવાનો દાવો પણ થઈ રહ્યો છે. આ મુદ્દે વિપક્ષોએ ચૂંટણીપંચ પર સવાલો ઉઠાવ્યા છે અને પંચે તેના જવાબ આપ્યા છે.

મનરેગાના બદલે જી-રામ-જી

કેન્દ્ર સરકારે મનરેગાનું નામ બદલીને જી-રામ-જી યોજના કરી દેતા કૉંગ્રેસે તેની સામે જબરદસ્ત વિરોધ નોંધાવી દેશવ્યાપી આંદોલનનું રણશીંગુ ફૂક્યું છે, તો વિપક્ષોના વિરોધ વચ્ચે અમલી બનેલી નવી યોજનામાં રોજગારીની વધુ તકો તથા મૂળભૂત સુધારા-વધારા કરાયા હોવાનો દાવો સરકારે કર્યો છે. કેન્દ્ર સરકારે કેટલાક બિનજરૂરી કાયદાઓ નાબૂદ કર્યા છે, તો કેટલાક કાયદાઓમાં મૂળભૂત ફેરફારો કર્યા છે. હવે આ મુદ્દો આગામી ચૂંટણીઓ સુધી ગુંજવાનો છે.

મહત્ત્વપૂર્ણ ફેરફારો

વર્ષ ૨૦૨૫માં વિવિધ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ફેરફારો પણ દેશ અને દુનિયામાં થયા છે. ચીન, રશિયા અને ભારત નજીક આવ્યા છે, તો ટ્રમ્પ અને યુરોપિયન યુનિયન વચ્ચે પણ બધું બરાબર નથી. ભારતમાં રૂ. ૧૨ લાખ સુધીની આવક પર ઈન્કમટેક્સ નહીં લાગે, તેવા ફેરફાર પછી મધ્યમવર્ગ તથા ખાસ કરીને નોકરિયાતવર્ગને ફાયદો થયો છે. જીએસટીના ક્ષેત્રે પણ જામનગર અને ગુજરાત સહિત દેશભરમાં કૌભાંડો પકડાયા છે. જીએસટીના દરો ઘટાડયા પછી ઘણી ચીજવસ્તુઓના ભાવો ઘટયા છે, તો બીજી તરફ ટોપ-ફાઈવમાં આવેલી ભારતીય ઈકોનોમીની વૈશ્વિક સ્વીકૃતિ વચ્ચે ડોલર સામે રૂપિયો નબળો પડયો, શેરબજાર સતત ચઢાવ-ઉતાર રહ્યું તથા સોના-ચાંદીના ભાવે બધા જ રેકોર્ડ તોડીને આસમાને પહોંચ્યા છે.

રાજનીતિ

વર્ષ ૨૦૨૫નું વર્ષ રાજનૈતિક દૃષ્ટિએ પણ ઘણું જ ઉતાર-ચઢાવવાળુ રહ્યું. દિલ્હીમાં ભાજપનું શાસન આવ્યું. ઝારખંડમાં વિપક્ષ, મહારાષ્ટ્રમાં એનડીએ અને બિહારમાં પણ નીતિશકુમારના નેતૃત્વમાં સરકાર રચાઈ. ઉપરાષ્ટ્રપતિપદેથી ધનખડના રાજીનામા પછી તેના સ્થાને રાધાકૃષ્ણન ગોઠવાયા..આમ આદમી પાર્ટીએ એકલા ચલો રે ની નીતિ અપનાવી, તો કૉંગ્રેસે પણ એકલા હાથે લડી લેવાનો અભિગમ અપનાવ્યો. મહારાષ્ટ્રમાં આવી રહેલી બી.એમ.સી. સહિતની નગરનિગમોની તથા મહાનિગમોની ચૂંટણી માટે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ હાથ મિલાવ્યા, તો કેટલાક સ્થળે શરદ પવાર અને અજીત પવારની એનસીપી એકજૂથ થઈ. વૈશ્વિક રાજનીતિમાં પણ નવા સમીકરણો રચાયા.

ગમખ્વાર અકસ્માતો

મહીસાગર નદી પરનો બ્રિજ તૂટી જતા ૨૦ ના મૃત્યુ થયા. મહાકુંભની ભાગદોડમાં કેટલાક લોકોના જીવ ગયા, તે ઉપરાંત નાના-મોટા માર્ગ, રેલવે, હવાઈ અકસ્માતોમાં સેંકડો લોકોના જીવ ગયા. બેંગલુરૂની ભાગદોડ, તમિલનાડુની નાસભાગ, દિલ્હી રેલવે સ્ટેશન નાસભાગ, મુંબઈ લોકલ ટ્રેન દુર્ઘટનામાં સંખ્યાબંધ લોકોના જીવ ગયા. તે ઉપરાંત વૈંકટેશ્વરની દુર્ઘટના પણ સર્જાઈ હતી.

વૈશ્વિક પ્રવાહો-યુદ્ધો

વર્ષ ૨૦૨૫નું વર્ષ એકંદરે અજંપો, અસ્થિરતા, યુદ્ધો, ગૃહયુદ્ધો, વિગ્રહોનું વર્ષ રહ્યું. રશિયા-યુક્રેન યુદ્ધ, અમેરિકા-ઈરાન તથા ઈરાન-ઈઝરાયલ હુમલાના યુદ્ધો, અફઘાનિસ્તાન-પાકિસ્તાન તંગદિલી, બાંગલાદેશમાં આંતરવિગ્રહ, થાઈલેન્ડ-કમ્બોડિયા યુદ્ધ, ગાઝા એટેક, વગેરેના કારણે ઘણી જ તંગદિલી, અશાંતિ તથા અનિશ્ચિતતાઓ પ્રવર્તી રહી છે. દેશ અને દુનિયામાં ઘણાં સ્થળે ભાગદોડ, નાસભાગ કે અથડામણોમાં ઘણાં લોકોના જીવ ગયા. ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા ત્યારે જીગરી દોસ્ત બનેલા એલોન મસ્ક, ઘોર વિરોધી બની ગયા. અમેરિકાએ પાંચ લાખ પ્રવાસી નાગરિકોને દેશવટો આપ્યો. પુતિન-ટ્રમ્પ વચ્ચે ટેલિફોનિક વાતચીત દ્વારા ટ્રમ્પ-ઝેલેન્સ્કીની તાજેતરની મુલાકાત દરમ્યાન શું થયું તે રહસ્ય જેવું જ રહ્યું, પરંતુ આખી દુનિયા હવે આ યુદ્ધ બંધ થાય તેવું ઈચ્છે છે. વર્ષ દરમ્યાન કેનેડાના ભારત વિરોધી વલણ ધરાવતા જસ્ટિન ટ્રુડોને પદ છોડવું પડયું, અને માર્ક કાર્ની નવા પી.એમ. બન્યા. પાકિસ્તાનમાં આખી ટ્રેન હાઈજેક થઈ. અમેરિકાએ ઈરાન પર જમીનથી નીચે ૨૦૦ ફૂટ એરસ્ટ્રાઈક કરી, તેની ખૂબ ચર્ચા રહી.

ગુજરાત

ગુજરાતમાં પણ કુદરતી આફતો, અકસ્માતો અને કેટલાક કૃત્રિમ ઘટનાક્રમોમાં સંખ્યાબંધ લોકોના જીવ ગયા. વિધાનસભાની પેટાચૂંટણીમાં એક બેઠક પર આમ આદમી પાર્ટી જીતી અને મંત્રીમંડળમાં ધરમૂળથી ફેરફારો થયા, તે રાષ્ટ્રીયકક્ષાએ પણ નવા કાર્યવાહક ભાજપ પ્રમુખ ચૂંટાયા, તે પછી રાજ્યના સંગઠનમાં નવા ફેરફારો થયા, ગુજરાતમાં આમ આદમી પાર્ટી તથા કૉંગ્રેસ દ્વારા આગામી ચૂંટણી માટે તખ્તો ગોઠવાયો તો ભાજપમાં પણ વ્યૂહરચના ઘડાઈ. ગુજરાતમાં એસઆઈઆરની કામગીરી શાંતિપૂર્વક સંપન્ન થવા જઈ રહી છે.

દેશમાં કેટલાક જુના કાયદા રદ્ કરાયા, કેટલાક નવા કાયદા ઘડાયા, મનરેગાનું નામ બદલાયું, ભાજપના કાર્યવાહક રાષ્ટ્રીય પ્રમુખ નિમાયા, ગુજરાતના મંત્રીમંડળ અને ભાજપના સંગઠનમાં ધરમૂળથી ફેરફારો થયા, અને કેટલાક આશ્ચર્યજનક રાષ્ટ્રીય ઘટનાઓ સર્જાયા

આતંકવાદ, નક્સલવાદ, દુર્ઘટનાઓ, બાંગલાદેશ-નેપાળમાં જેન-ઝેડના આંદોલનો વગેરેના કારણે અજંપો રહ્યો તો ભારતમાં એસઆઈઆર, મનરેગાની જગ્યાએ જી-રામ-જી યોજના, વંદે માતરમ્‌ની ચર્ચા, વક્ફ કાનૂન બોર્ડ મુદ્દે ભારે ચર્ચાઓ થઈ અને વિનાશક ઘટનાક્રમો પણ બન્યા

વિનોદ કોટેચા